

# સત્સંગ બાળવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## એકલા ઉપદેશથી કામ ન થાય

- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

રોગાર્તસ્ય મનુષ્યસ્ય યથાશક્તિ ચ મામકૈઃ ॥

વ્હાલા મિત્રો ! શિક્ષાપત્રીનું આ સંસ્કૃત વાક્ય કદાચ જલ્દી નહી સમજાય. પરંતુ આ સત્ય ઘટના વાંચ્યા પછી તમને બધો જ ખ્યાલ આવી જશે.

જગતના કલ્યાણ માટે સ્વામિનારાયણ ભગવાને ઉત્તર ભારતની યાત્રા પૂર્ણ કરી, તીર્થોને પાવન કરીને દક્ષિણ ભારત તરફ પ્રયાણ શરૂ કર્યું. ફરતા ફરતા તીરૂપતિ બાલાજી પહોંચ્યા. ત્યાંથી આગળ રામેશ્વર તરફ જવા પ્રયાણ કર્યું. રસ્તામાં એક બનાવ બન્યો.

સેવકરામ નામનો એક યાત્રિક એ રસ્તેથી રામેશ્વર જવા ચાલ્યો જાય છે. પોતાની સાથે થોડા અન્ય યાત્રિકો અને બે-ત્રણ શિષ્યો પણ ખરા.

રસ્તામાં વેઠવી પડતી અનેક વિટંબણાઓને લીધે સેવકરામ બિમાર પડ્યો. બે-ત્રણ દિવસમાં તો મંદવાડ ખૂબ વધી ગયો. અને સંગ્રહણીના હઠીલા દર્દમાં સપડાયો. બધાને લાગ્યું કે હવે આ યાત્રિક તો નહી બચે તેથી ધીમે ધીમે સૌ ચાલ્યા ગયા. એમના શિષ્યો પણ એમનો ત્યાગ કરી ગયા.

સેવકરામ પાસે એક હજાર રૂપિયાની સોનામહોરો હતી પણ સોનામહોરો કાંઈ સેવા કરી શકે ? ઘણા અજ્ઞાની માને છે કે સંપત્તિ હોય તો બધા જ સારા વાના થઈ શકે. પરંતુ સહકાર વિના સંપત્તિ કશું જ કરી શકતી નથી. આ સેવકરામ પાસે હજાર રૂપિયાની સંપત્તિ હોવા છતાં એ દુઃખી થઈ ગયો. અને પોતાની ચાકરી કરનાર કોઈ ન હોવાથી ઊંચે સાદે રડવા લાગ્યો.

સ્વામિનારાયણ ભગવાન એ વખતે યાત્રા કરતાં કરતાં તિરૂપતિ બાલાજી થી રામેશ્વર પધારતા હતા અને રસ્તામાં આ સાધુને રડતો જોયો. એટલે એની પાસે જઈ આશ્વાસન આપ્યું અને જોયું કે ફકત આશ્વાસનથી આ મટશે નહિ. આશ્વાસનની સાથે ચાકરી પણ કરવી જોઈએ. પોતાની યાત્રા થંભાવી દઈને પ્રભુ ત્યાં રોકાઈ જાય છે અને સેવકરામની સેવા કરવા લાગી જાય છે. દરરોજ કેળાના બગીચામાંથી કેળપત્રો લાવીને એકહાથ ઉંચી પથારી કરી આપતા, સ્નાન કરાવતા અને ખૂબ ચાકરી કરતા. ધીમે-ધીમે એ સેવકરામને કાંઈક ઠીક થવા લાગ્યું. પેટમાં કંઈક અનાજ પચવા માંડ્યું.

બાજુના ગામડાઓમાંથી ભિક્ષા માંગી લાવીને તેમાંથી સારી રસોઈ બનાવી પ્રભુ સેવકરામને જમાડતા. પછી સેવકરામને પથારીમાં સૂવાડી પોતે ફરીથી ભિક્ષા માટે ગામમાં જતાં. કદાચ બીજીવાર ભિક્ષા ન મળતી તો ઉપવાસ પણ થતો. આ બાજુ સેવકરામને હવે ભૂખ ઉઘડી છે. તે દરરોજ પોતાના પૈસા આપીને પ્રભુ પાસે ગામમાંથી ઘી, ખાંડ વગેરે મંગાવતો અને જમી લેતો.

દુનિયામાં દુઃખો અનેક છે એ વાત સાચી પણ એનામાં ઘણાં દુઃખો પોતાના સ્વભાવને કારણે જ આવે છે. બધા માણસો આમને એકલો મુકીને ચાલ્યા ગયા. એમના શિષ્યોએ પણ સેવા ન કરી એમાં સેવકરામનો કંજૂસ સ્વભાવ પણ કારણ ખરો જ. ભગવાને આટલી બધી સેવા કરી છતાં પોતે પોતાના પુરતું પ્રભુ પાસે બનાવરાવીને ખાય છે. પણ પ્રભુને જમાડતો જ નથી. ભગવાન તો નિઃસ્વાર્થી છે. એમને જીવો સાથે કશો સ્વાર્થ હોતો નથી. જીવોના અવગુણ સામે પ્રભુ જોતા નથી. એક મહિના સુધી સેવકરામની સાથે રહીને તેમની સેવા કરી. હવે એ સરસ સાજો તાજો શેર ઘી જમી પચાવી શકે તેવો થયો. પણ સ્વભાવ ન ગયો. એણે માન્યું કે આ વગર પગારનો વેઠીયો સારો મળી ગયો છે. પોતાનો એક મણનો ભાર પ્રભુ પાસે ઉપડાવે ને પોતે ખુલ્લાં હાથે ચાલતો. પણ ભગવાન ભક્તોનો પ્રેમ ભાર ઉપાડે છે પણ ધનભાર નહી ! સેવકરામની સેવા કરી સાજો સારો બનાવી પછી પ્રભુ ત્યાંથી રામેશ્વર પધાર્યા હતા.

સુચારિત્ર્યનું નિર્માણ એકલા ઉપદેશથી થતું નથી. એની સાથે એવાં જ આચરણો જોઈએ છે. ઉપદેશ અન આચરણ વડે જ જગતમાં ચારિત્ર્યનું નિર્માણ થઈ શકે

છે.

ઈતિહાસ સાક્ષી પુરે છે કે ગુજરાત, કચ્છ, કાઠીયાવાડમાં સ્વામિનારાયણ ભગવાને અજબ જાગૃતિ આણી હતી. પછાત ગણાતી કેટલીય કોમોને એમણે ઉચ્ચજીવન વાળી બનાવી હતી. ચોર-લૂંટારાઓને સમાજના સાચા સેવકો અને ભક્તો બનાવ્યા હતા. સમાજમાં માનવીય અને ધાર્મિક શુભ સંસ્કારોનું સિંચન કર્યું હતું. આ બધું શાથી થયું ?

સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાને જ એનો ખુલાસો કર્યો છે. એમણે જે જે કર્યું છે તે એકલા ઉપદેશ દ્વારા નહી પણ આચરણ દ્વારા કર્યું છે. એને માટે ઉપરનો દાખલો વાંચતા જ આપણને યાદ આવશે કે યાત્રામાં જતા હતા છતાં માંદા માણસની સેવાને પ્રથમ સ્થાન આપ્યું અને પછી શિક્ષાપત્રીમાં પણ લખ્યું કે માંદો એવો જે હરકોઈ મનુષ્ય તેની ચાકરી જીવન પર્યંત કરવી.

શુષ્ક અને લુખા ઉપદેશથી સમાજમાં સુચારિત્ર્યનું નિર્માણ થઈ શકતું નથી. સમાજને ચારિત્ર્યવાન બનાવવા સ્વામિનારાયણ ભગવાને જાતે ભૂખ તરસ વેઠીને, અનેક અપમાનો સહન કરીને પણ સમાજની સેવા કરી છે. સેવા અને સમર્પણ વડે સમાજના જીવનમાં દિવ્ય જ્યોતિ પ્રગટાવી છે. સમાજને ઉચ્ચ ચારિત્ર્યવાળા બનાવવા માટે અનેકવિધ રસ્તાઓ સૂચવ્યા છે. આજે આ યુગમાં જ્યાંને ત્યાં ચારિત્ર્યની પડતી જોવામાં આવે છે, સર્વત્ર માનવતા હિત, વર્તણુંક, નિતી, સહકાર, સંયમ, સેવા જેવા સદ્‌ગુણોનો તો જાણે ઉપહાસ થઈ રહ્યો છે. આવા યુગમાં પણ ચારિત્ર્ય નિર્માતા સર્વોપરિ સ્વામિનારાયણ ભગવાનના આચરણો અને ઉપદેશોને આપણે યાદ કરીશું. જીવનમાં ઉતારીશું તો સુચારિત્ર્યની પુનિત સરવાણી આપણા જીવનમાં જરૂર વહેતી રહેશે.

●

## સહજાનંદી સિંહો

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

સંપ્રદાયમાં ઈતિહાસિક ઘટના બની, ખોખરા-મહેમદાવાદમાં ભારે લડાઈ થઈ. શ્રીજી મહારાજે પાર્ષદોને આજ્ઞા કરી, ''હથિયાર ધારણ કરો, તમારો ક્ષત્રિય ધર્મ બજાવો.'' તે યુદ્ધમાં તો પાર્ષદોએ રંગ રાખ્યો પણ આવી જ એક પરિસ્થિતિ બીજી સર્જાઈ. જાણે બીજું યુદ્ધ જોઈલો.

નવાઈ લાગશે. આ મહેમદાવાદની ધરતી જ એવી હશે ! આ ઘટનામાં કોઈ અસૂરો સાથે યુદ્ધ નહોતુ કરવાનું ! આ યુદ્ધ હતું, મહારાજ અને સંતો વચ્ચે. જે સંતો ગામો ગામ શ્રીજી મહારાજના મહિમાની વાતો કરે, જે સંતો ઉત્પતિ, સ્થિતિ લયના કરનારા ભગવાનને કહે છે. જેની આજ્ઞા લોપવા કોઈ સમર્થ નથી. એવું સમજનાર તથા સમજાવનાર સંતો આજે મહારાજ સાથે વાણી યુદ્ધ કરવા લાગ્યા.

કઈ બાબતમાં જાણો છો ? મહેમદાવાદમાં એક વડના વૃક્ષ નીચે સભા હતી. સભામાં શ્રીજી મહારાજ, મુક્તાનંદ સ્વામી તથા સાંઈઠ સંતો બેઠા હતા. તે સમયે શ્રીજી મહારાજે એક સંતને પૂછ્યું, હે સાધુરામ ! તમે કોનું ધ્યાન કરો છો ? મહારાજ ! हम तो तुम्हारा ध्यान करते हैं । बहुत आनंद आता है । શ્રીજી મહારાજ કહે છે. તો આજથી અમારું ધ્યાન તમારે નહિ કરવાનું. ધ્યાન કરવું હોય તો આ મુક્તાનંદ સ્વામીનું કરવાનું તે શાંત મૂર્તિ છે. ધૈર્ય મૂર્તિ છે. અમારાથી મોટા છે. અમારા મોટા ગુરુભાઈ છે. અમારા ગુરુના સૌથી પ્રિય અને શ્રેષ્ઠ શિષ્ય છે. માટે આજથી એમનું ધ્યાન કરવાનું. બીજાનું નહિ. ત્યાં તો આ સાધુ ગરમ થઈ ગયા ये नही होगा । ध्यान तो तेरा ही होगा । શ્રીજી મહારાજ કહે છે. અમે આજ્ઞા કરીએ છીએ. તમારે મુક્તાનંદજીનું જ ધ્યાન કરવાનું. नही । ये कभी नही होगा । ध्यान एक तेरा ही होगा । શ્રીજી મહારાજે કહ્યું જતા રહો અહીંથી. અમારી વાત ન સ્વીકારવી હોય તો આજથી તમે વિમુખ. આ સાધુ કહે, विमुख होजाओगे । मगर ध्यान तो तेरा ही करेगे ।

આ સાધુ દૂર બીજું વડનું વૃક્ષ હતું ત્યાં જઈને બેઠા. યુદ્ધમાં, રમતમાં નક્કી જ નથી હોતું કોણ જીતે કોણ હારે. આ સંતના ગયા પછી મહારાજ શાંત ન થયા. બીજા સંતને કહ્યું, તમે કોનું ધ્યાન કરો છો. મહારાજ તમારું. મહારાજ કહે છે આજથી તમારે મુક્તાનંદજીનું ધ્યાન કરવાનું. ના મહારાજ કહો તો નિત્ય દંવડત કરું. મુકતાનંદજીને પ્રેમથી જમાડીને જમું. જીવન ભર એમના વચનમાં રહું પણ ધ્યાન તો તમારું જ કરીશું. મુક્તાનંદજીનું નહિ. તો જાઓ જતા રહો અહીંથી તમે. તમે પણ વિમુખ. મહારાજ ! શરીરથી તમે વિમુખ કરી શકશો. આત્મા તો તમારા જ ચિંતનમાં મગ્ન રહેશે. આ સંત પણ દૂર વડના વૃક્ષ પાસે બેઠા. આ તો પ્રકરણ બંધ ન થયું. મહારાજ હજુ શાંત ન થયા. ત્રીજા સંતને કહ્યું તે પણ ન માન્યા. ચોથાને કહ્યું તે પણ ન માન્યા. વિમુખની સંખ્યા વધવા લાગી. સાંઈઠ

અનુસંધાન પેન નં. ૨૩ પર

સંતો મહારાજ પાસે બેઠા હતા. એ સાંઈઠ વિમુખ થવા તૈયાર થઈ ગયા. જગ્યા બદલી વડના વૃક્ષ નીચે બેસી ગયા. અહીં ફક્ત મહારાજ અને મુક્તાનંદ સ્વામી બે જ રહ્યાં. હમણાં કહ્યું તેમ યુદ્ધને રમતમાં કાંઈ નક્કી જ ન કહેવાય. કોણ જીતે કોણ હારે. શ્રીજી મહારાજે મુક્તાનંદ સ્વામીને કહ્યું, 'સ્વામી, આ તો બધા જ ચાલ્યા ગયા. હવે શું કરશું ? મુક્તાનંદ સ્વામી કહે, ''તો ચાલો, મહારાજ આપણે પણ તેમની ભેગા ભળી જઈએ.''

''ધ્યાન ધર ધ્યાન ધર ધર્મના પુત્રનું''

શ્રીજી મહારાજ સ્વયં આ વાતનો સ્વીકાર કરી સંતોની સન્મુખ ચાલ્યા. સંતોને કહ્યું, તમે જીત્યા અમે હાર્યા.'' આજ તમે અમારી કસોટીમાંથી સંપૂર્ણ સફળતાપૂર્વક ઉતિર્ણ થયા.

સંતો રાજી રાજી થઈ ગયા. સ્વામિનારાયણ ભગવાનની જય. સહજાનંદ સ્વામી મહારાજની જય. બોલાવવા લાગ્યા. આ હતી મહેમદાવાદની બીજી ઘટના. જીવનમાં ક્યારેય ભૂલાય નહી તેવી ! સંતો વિમુખ થવા તૈયાર છે. પરંતુ ધ્યાન તો મહારાજનું જ કરવાના. આ વાતનો સાર જરૂરથી વિચારજો.

''સો લાંઘણ કરી મરી જાય રે વિચારજો,
તોય કેસરી ઘાસ ન ખાય રે સાહેલી.''

ભલે સો ઉપવાસ થાય. ભૂખે મરી જાય તોય સિંહ કોઈ દિવસ ઘાસ ન ખાય. તેમ સાચા સહજાનંદ સિંહ એ તો ભજન ભક્તિ ઉપાસના ધ્યાન એ ઈષ્ટદેવ સિવાય બીજા કોઈનું કરે નહિ.